વૈરાગ્ય શતક.

રચનાર.

અંબાલાલ બહેચરદાસ શાહ.

વર્નાક્યુલર સ્કુલ આ. માસ્તર આતરસુંબા.

તથા

ભોગીલાલ નેમચંદદાસ શાહ.

સ્ટામ્પવેન્ડર પેટાગાહાલે આતરસુંબા.

વલ્લભ શતક.

પુષ્ટિમાર્ગના વૈષ્ણવોને સારૂ

પ્રકટ કરનાર.

અંબાલાલ બહેચરદાસ શાહ.

વર્નાક્યુલર સ્કુલ આ. માસ્તર આતરસુંબા.

તથા

ભોગીલાલ જેચંદદાસ શાહ.

સ્ટામ્પવેન્ડર પેટામહાલ આતરસુંબા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

કેશવલાલ છગનલાલ શાહ.

આસિ. માસ્તર પેટામહાલ આતરસુંબા.

અમદાવાદ

ખાડીઆમાં સારંગપુર જવાની સડક ઉપર મહેતાજી પિતાં-
બરદાસ ત્રિભુવનદાસના મકાનમાં હિતેચ્છુ પ્રેસમાં પટેલ જેશં-
ગ મુગજીએ છાપ્યું.

કિમત ૦—૨—૦ કલદાર.

પ્રસ્તાવના*

મિત્રો! આજપર્યન્તમા મારાથી જે જે ગામોનું અટન કરવામાં આવેલું, તે પૈકી ઘણા ગામોમાં જ્યાંને ત્યાં સ્વધર્મિ મંડળીઓ સ્થાપન થએલી મારા જોવામાં આવેલી. અને પ્રત્યેક મંડળીમાં સારા વીદ્વાનો, નગરના શુભેચ્છકો તથા ઉછરતાં યુવાન બાળકો, પોતપોતાની યથાશકિત પ્રમાણે નિયમસર ઇશ્વરભજનમાં પોતાના દિવસ નિર્ગમન કરતા હતા. જેથી તે લોકોની ઇશ્વરભકિતનો કિંચીત અંશ મારા મનમાં ઘણા દિવસથી ચોળાયા કરતો હતો, કે આવીજ રીતે મારા જે સ્વધામમાં સુજ્ઞ પુરૂષો, સન્નારીઓ, ઉછરતાં યુવાન બાળકો આવી તરેહનો લાભ લે તો કેવું સારૂં! વાંચક મિત્રો! મારી ધારેલી આશા ઇશ્વરે સફળ કરી હાલનો પ્રસંગ તે પ્રમાણે હોવાથી મારૂં હૃદય હર્ષથી ઉભરાઇ જવાથી, મેં મારી અલ્પ બુદ્ધિએ મુજ સ્વધર્મિ મિત્રોની શ્રેયની ખાતર વલ્લભશતક નામનું આ લઘુ પુસ્તક તૈયાર કરેલું છે.

આધુનીકકાળમાં જ્યાં ત્યાં નાટકોનો પ્રસાર થઇ જવાથી હાલના ઉછરતા યુવાનો સ્વધર્મ એ શું છે? ઇશ્વર તે કોણ? અને તેને ભજવાથી શું થાય? એ વાત એક બાજુ ઉપર મુકી

નાટકોના રસીક ગાયનો ગા જ્યાંને ત્યાં મગરૂરીમાં ફરતા દેખાય છે. જેથી તેવા જનોના શ્રેયની ખાતર સહરહુ પુસ્તકમાં ઘણેખરે ઠેકાણે મેં નાટકના જેવા રાગ પણ મુકેલા છે.

હું જે યત્કિંચિત્ લખુંછું તે એક ગુજરાતી લખક તરીકે વિદ્વાન તરીકે કે ગ્રંથકાર તરીકે લોકોમાં ખ્યાતિ પામવા સારૂ લખતો નથી, પણ મારાં સંસારિક તથા વ્યવહારિક કામકાજ કરતાં મને જે અલ્પ અવકાશ મળેછે તેનો બનતો સદુપયોગ કરી સ્વધર્મી મિત્રોની સેવા તરીકેજ લખું છું. આજ સુધીમાં મેં જે કાંઇ લખ્યુંછે અને હવે પછી મારાથી જે કાંઈ ઇશ્વર કૃપાએ લખવા બનશે તે એક મનુષ્યજન્મના કર્તવ્ય સાથે સરખાવતાં કાંઇજ નથી, એમ તો આ પ્રસંગે નમ્રપણે જણાવવા હું મારો ધર્મ સમજું છું.

મિત્ર! હું કંઇ ગદ્યનો કે પદ્યનો પ્રોફેસર નથી તેમ પિંગળશાસ્ત્ર પ્રમાણે તાળકે માત્રા મેળવવાની મારામાં શકિત નથી તોપણ મેં મારી શકિત પ્રમાણે કાળજીથી લખાણ કરેલું છે છતાં વિદ્વાન વાંચકને ખાગી જણાશે એમાં કાંઇ અજાયેબજેવું નથી, પણ હંસ જેમ હમેશાં દૂધ ગ્રહણ કરી પાણીને પડતું મુકેછે તેમ સર્વ સજ્જનો સારનું ગ્રહણ કરી અસાર ઉપર લક્ષ નહિ આપે એવી હું આશા રાખુંછું.

સદરહુ પુસ્તક બનાવવામાં મારો કોઇપણ તરેહનો સ્વાર્થ

નથી. આ પુસ્તક મારૂં પ્રથમનુંજ પગથીઉં છે માટે તેમાં વાંચક સાહેબોને ભુલચુક માલુમ પડે તો તે દરગુજર કરી મને લખી જણાવવા કૃપા કરશો, કે બીજી આવૃત્તિમાં તેનો આભાર સાથે ફેરફાર કરીશ.

આ પુસ્તક તૈયાર કર્યામાં મને મુરબ્બી માણેકલાલ ત્રિભુવનદાસ દાણી, નાગરદાસ જમનાદાસ પરિખ, તથા મી૦ ચુનીલાલ સાંકળચંદ પરિખ તથા માસ્તર ચુનીલાલ નથુરામ મહેતા તરફથી પૂર્ણ આશરો મળેલો છે જેથી હું તેમનો ઘણોજ આભાર માનું છું.

અં. બે. શાહ.
ગ્રંથકર્તા.

ગ્રંથાર્પણ.

ગોસ્વામી શ્રીમદ્ લક્ષ્મણલાલજી મહારાજ
સુત શ્રીમદ્ કનૈયાલાલ મહારાજની સેવામાં.

શ્રીમદ્ વલ્લભાચાર્ય કુલ પ્રદીપ, અનેક ગુણ ગણ સમ્પતિ વિરાજમાન, સ્વ સંપ્રદાય શુદ્ધ સિદ્ધાંત પ્રવર્તક, સત્ય ભાષણ કરી સેવકજનોની પ્રવૃત્તિને શ્રીમદ્ વલ્લભાચાર્યના ખરા સિદ્ધાંત ઉપર લાવનાર, પુષ્ટિમાર્ગનો પુનરૂદ્ધાર કરનાર; અને ભકત જનોના ભુષણરૂપ છો; એમ માની સત્કારપુર્વક આપને આ વલ્લભશતક નામે લઘુ પુસ્તક અર્પણ કરી હું પોતાને કૃતાર્થ માનું છું.

આપનો કૃપા પાત્ર ચર્ણરજ સેવક
અંબાલાલ બહેચરદાસ શાહ.
તથા
ભોગીલાલ જયચંદદાસ શાહ.

બનજારો.

(પ્રિય મિત્ર વિના હો ભાઇ, કોણ મહોબત સાચવે આંહી એ રાહ.)

ભાવે ભજો વલ્લભ કુળલાલ, મહારાજા શ્રી કનૈયા લાલ;
આપ નીવાસી ગોકુલ ગામ, સપ્ત આદીનું જ્યાં નામ,

છો આપ ઘણા દયાલ મહારાજા શ્રી કનૈયા લાલ.
આપ કૃપા તણા ભંડાર, સત્યા સત્યનો કરોછો વિચાર;
રાખો વૈષ્ણવ ઉપર વહાલ; મહારાજા શ્રી કનૈયા લાલ.
આપ નોંધારાના આધાર, છો સદ્ગુણના ભંડાર,
નક્કી આપ છો દિનદયાલ; મહારાજા શ્રી કનૈયા લાલ.
આપ તેજતણા અંબાર, જાણે પુનમ ચંદ્રાકાર,
છો વૈષ્ણવના પ્રતિપાલ; મહારાજા શ્રી કનૈયાલાલ.
મહારાજા શ્રી લક્ષ્મણ લાલ, તેમના કૃપાનિધી છો દયાલ,
માજી ચંદ્રાવલીજીના બાલ; મહારાજા શ્રી કનૈયા લાલ.
સંવત ઓગણીસેં પચાસે, વર્ષા રતુના ભાદરવા માસે,
આવી દરશન દીધું દયાલ; મહારાજા શ્રી કનૈયા લાલ.
કૃષ્ણ પક્ષની બીજ સોમવાર, થયો ગામમાં જયજયકાર,
આતરસુંબે આવ્યા પ્રતિપાલ; મહારાજા શ્રી કનૈયા લાલ.
આપે ભક્તોને દરશન દીધું, સૌનું દુઃખ હરીને લીધું,
ઘણો જણાવી આપે વહાલ; મહારાજા શ્રી કનૈયા લાલ.
સાચો મારગ દીધો બતાવી, જેથી સુભમતિ તો આવી,
તેથી ભક્તો થયાછે ન્યાલ; મહારાજા શ્રી કનૈયા લાલ.
અજાણ્યાને જાણીતા કીધા, સૌને આશીરવાદ તો દીધા,
એવા વલ્લભ કુળના લાલ; મહારાજા શ્રી કનૈયા લાલ.
જેથી પુસ્તક સમરપું હાથ, હિમ્મત રાખી મનની સાથ,
કૃપાસિંધુ છો આપ દયાલ; મહારાજા શ્રી કનૈયા લાલ.
મારા મુગટ શિરોમણી નાથ, મેં તો ગ્રહ્યોછે આપનો હાથ,

પાર ઉતારો પ્રતિપાલ; મહારાજા શ્રી કનૈયા લાલ.
મારૂં આતરસુંબા છે ગામ, કુવાવાળી ફળીમાં ઠામ,
હું છું સેવક આપ દયાલ; મહારાજા શ્રી કનૈયા લાલ.
જેથી કૃપા કરો જુગદિશ, વળી વંદુ નામી શીશ,
જે વલ્લભ કુળના લાલ; મહારાજા શ્રી કનૈયા લાલ.
મુજ સેવકમાં મતિ થોડી, અંબાલાલ કહે કર જોડી,
મારી કાપો ભવ જંજાલ; મહારાજા શ્રી કનૈયા લાલ.
ભૂલ ચુકની માફી માગુ, કરજોડીને પાયે લાગુ,
સહાય કરો શ્રી ગોપાલ; મહારાજા શ્રી કનૈયા લાલ.

વલ્લભ શતક*

પ્રકરણ પેહેલું.

વેત્રવતિ નદીના તીરે આવેલા સુંદર નગરમાં અઢારે વર્ણ ના માણસો રહેતા હતા. અઢારે વર્ણના વાસ જુદા હતા; સૌ પોતપોતાના જથામાં રહી સુખચેન ભોગવતા. ગામની ચારે તરફ કોટ બાંધેલો હતો; પોલીસનો જાપ્તો એવો હતો કે ચોરીનું નામ કોઇ સાંભળતુંજ નહિં. ગામની અંદર સારા સારા ગૃહસ્થોની હવેલીઓ સુંદર ઘાટે બાંધેલી હતી, જો કે વે ઘણી વખાણવા લાયક તો નહોતી પણ ગામના પ્રમાણમાં ઘણીજ સારી હતી. ઘણું કરીને આ ગામમાં વાણિયાની વસ્તી વધારે હતી. તેમાં ઘણાખરા વૈષ્ણવજ હતા. તેઓ ભાવિક, વિશ્વાસુ, પ્રમાણીક અને ધર્મના કામમાં ઘણાજ ઉત્સાહી હતા. ગામની વચ્ચે શ્રી ગોકલેશજીનું મંદિર હતું, તેની રચના ઘણીજ જોવા લાયક હતી; અહોનિશ રાત્રે મંદિરમાં મહારાજાનું સ્તવન કરવા મંડળી ભરાતી હતી. બજારની અંદર દરેક જાતના માલની પીઠ જુદી હતી. દોશીવાણિયાઓની દુકાને હીરાગલ તથા સુરતાઉ લુગડાં વેચાતાં હતાં; નાણાવટમાં સત્યવાદી સાહુકારો હુંડી કરતા; વેપારીઓને માલપર પૈસા ધીરતા; ને

ધાકનાં નાણું જમાં રાખતા. શાક અને ફળની ટોપલીઓ દુકા ન ઉપર લઇને કાછીઆઓ બેઠા બેઠા પોતાના માલનાં વખાણ કરી બૂમો પાડતા; ગાંધીની દુકાને તરેહ તરેહના તેજાના તથા મેવા મીઠાઇના ખુમચા વેચાતા; લુહારવાડામાં લુહાર એટલા જોરથી ઘડતા હતા કે કાન પડ્યું પણ સંભળાતું નહોતું. વિશે ષે કરીને ભાવસાર ને ક્ષત્રીનો રોજગાર સારો ચાલતો હતો. ચોટામાં માલ ખરીદ કરનાર લોકોની એટલી ભીડ હતી કે ગાડી ઘોડાને જવું મુશ્કેલ પડતું. નગરમાં આવતા માલપર જ- કાત લેવાને નાકાદાર સાહેબ લાંબી કલમ ઘાલી સફેદ તકિયાપ ર પડેલા હતા; ફોજદારી કચેરીમાં ગુન્હેગારોનો ગુન્હો કબુલ કરાવવાને પોલીસના નોકરો ખુબ ચાલાકી વાપરતા; માજીસ્ટ્રેટ સાહેબ ન્યાયની કોર્ટમાં પધારી આરોપીને શાસન કર્યાના ઠરાવ વાંચી સંભળાવતા હતા. આજનો દહાડો ચંપાષષ્ટીનો હોવાથી વૈશ્નવ ભક્તો આવતી કાલના મહોત્સવની તૈયારી કરતા હતા; સારા સારા ગૃહસ્થો પોતાના બાળકોનાં તથા સ્ત્રીઓનાં આભુષ ણ લઇને સોનીની દુકાને સજ કરાવવા સુંદર પોષાક પહેરી બે ઠા ર ર્હેલા હતા. સોની માત્રનો પણ વાતોના તડાકામાં કામ કરે વાની એવી ચાલાકી વાપરતા કે રતી કે વાલ ભાર ખરી પડે ત્યાં સુધી સામા માણસને ખબર પણ પડે નહિ. ગામની બહાર પણ ઘાટ હતો.ત્યાં સુંદર કન્યાઓ તાંબા પીતળના ગાગરો માં જતી હતી; કોઇ બેડાં વીછળતી હતી; કોઇ પાણી કહાડતી હતી;

કોઇ માથે ઉઢાણી મેલી તેપર ગાગેર ગોઠવી બીજીને કહેતી હતી અલી બેન મારો ઘડો ચડાવીશ? બે ત્રણ આ ઝાડને ઓઠે બે પેલા ઝાડ તલે, ચાર ઓલ્યા ઝાડ આગળ ઉભી વાતો કરતી હતી. કોઇ છાની વાતો બીજાથી સંભળાય નહિ તેમ હળવે સાદે કહેતી; કોઇ કોઇ હસતી હસતી તાલીઓ આપી બોલતી; કોઇ તરૂણીઓ સાસુ નણંદના જુલમની ફર્યાદ સહીયર આગળ કરતી હતી; કોઇ સખીઓ આવતી કાલે ઉત્સવમાં મળવાના વાયદા કર્યો ઘર તરફ ગમન કરતી હતી. મંદિરમાં બેઠકિયા ઠાકોરજીની સેવામાં એવા મંડી પડયા હતા કે ખાસ અગત્યના કારણ સિવાય અવર માણસને જવાબ પણ આપતા નહિં. કન્યાશાળાના માસ્તર સાહેબ કન્યાઓને તથા શિશુશાળાના માસ્તર સાહેબ બાળકોને રજા આપવાનો વખત થવાથી સારા મધુર રાગથી ઇશ્વર પ્રાર્થના કરાવતા હતા. આવી રીતે આખો દીવસ સુખચેનમાં કહાડી રાત્રી પડવાથી આવતી કાલના મહોત્સવમાં મહાલવાને સર્વે લોક પોત પોતાના ઘર તરફ વીસરજન થયા. વાંચક મિત્ર? આ નગર તે કયું હશે તેની ભ્રાંતિ વખારા મનમાં થતી હશે પણ તે નગર આતરસુંબા હતું.

પ્રકરણ ૨ જું.

આહા!! આજનો દહાડો મહોત્સવનો હોવાથી સૂર્યનારાયણે કંઈક જૂદી તરેહનો પ્રકાશ બતાવ્યો હતો. એટલુંજ નહિ પણ તે પોતાનાં તીક્ષ્ણ કિરણોથી એવો પ્રકાશીત થયો હતો કે તેની સામું એકી નજરે જોઇ પણ શકાતું નહિ. સરસ્વતી રૂપ સુરત કન્યાઓ મોટા મળસકામાં ઉઠીને નિશાળે જવાની તૈયારી કરતી હતી; કોઇ કોઇ સારાં આભુષણ પહેરી પોતાની સાહેલીઓને તેડવા જતી નજરે પડતી; શિશુઓ પણ હર્ષભેર સરસ્વતી માતાની ભેટ લેવાને જેસબંધ ચાલ્યાજતા; કોઇએ પાટલુન, કોઇએ મોજા, કોઇએ બુટ તથા કોઇએ ગળે ગળપટા અડાવી દીધા હતા. શાળામાં માસ્તરોનો ભભકો પણ જુદીજ તરેહનો હતો. આળસુ તથા બેદરકારી બાળકોને હેડમાસ્તર સાહેબ શાસન આપી ઇશ્વર ભજન કરવાને મંડી પડયા હતા. સુરત વૈષ્ણવો અને સનારીઓ સારા સારા વસ્ત્રાલંકાર પહેરી મંદિરની અંદર મહાલતાં હતાં; કોઇ કોઇ વૈષ્ણવો સારાં સારાં ધોળ ગાવા મંડી પડયા હતા; આ વખતે મંદિરની શોભા પણ ખરેખર જોવા લાયકજ હતી. ચારે તરફ ચંદરવા બાંધી નાંખે હાંડી, જુમરૂખ વિગેરે લટકાવી દીધાં હતાં; રાજભોગના દરશનનો ઘંટ થયાનીજ સાથે શાળામાં છોકરાઓને પણ છુટીનો ઘંટ થયો. જેથી બાળકો માસ્તરને સલામ કરી હર્ષભેર મંદિરમાં દોડીઆવ્યા. મંદિરમાં એટલી ખીચોખીચ થઇ કે નબળા

પોથાને બહાર નીકળવાનો વખત આવ્યો નહિ. સરસ્વતી રૂપ સુંદર કન્યાઓ પોત પોતાની સાહેલીઓની સામ અરસપરસ તાળીઓ લેઇ ગાતી હતી; ઉત્સવીઆ ઉત્સવ કરવાને એવાતો મંડી પડયા હતા કે ઊંચી નજર કરી જોતાજ નહિ. રાજભોગની સમાપ્તિ થયા પછી આશરે ત્રણએક વાગ્યાને સુમારે ઉત્સવીઆ બારે દબદબાથી શા. છગનલાલ હરજીવનને ત્યાં ઉત્સવ કરવા જવાની તૈયારી કરી મંદિરમાંથી ચાલતા થયા. આગળ સારખી વયના નાજુક બાળકો પોતપોતાના મિત્રોની સાથે છાએલા બની ગમત કરતા; કોઇ કોઇ બાળકોએ કાનમાં ફુલ ગોટા ખોસી દીધા હતા; તેમની પાછળ વૈષ્ણવ ભકતો, અને તેમની પાછળ સન્નારીઓનું વૃંદ ચાલતું હતું. છગનલાલના ઘેર ઉત્સવ કર્યા પછી શા. મહાસુખ ગોકળદાસને ત્યાં ઉત્સવીઆની પધરામણી કરવામાં આવેલી હતી. આ વખતે રસ્તામાં જોવા આવનાર લોકોની એટલી બધી તો ભીડ થઇ હતી કે બજારમાં એક બીજાને અથડાઇને ચાલવું પડતું; સરસ્વતી રૂપ કન્યાઓએ તથા સુજ્ઞ સન્નારિયોએ પોત પોતાના માથા ઉપર કળશ ઓપાળી દીધા હતા; બધા થઇને આ વખતે ૩૭ કળશ ભરાયેલા હતા. ઉત્સવીઆનાં ધોળ તથા સન્નારીઓના મધુર ગાયનની સાથે કળશનો ચળકાટ તથા ઝાંઝનો ઝમકાર અને ત્રાંસાના ખડખડાટથી આકાશ ગાજી રહ્યું હતું. ખરેખર આ વખતે આતરસુંબા જાણે ઇંદ્રપુરી હોયજ નહિ એવો ભાસ થતો હતો. ગામની પરિક્રમણા કરી મંદિરમાં આવ્યા પછી થોડી

વારે મહારાજાનાં દર્શન થયાં હતાં. વાંચક મિત્ર! આ વખતની શોભા ગમેતેવા માણસને મોહ ઉપજાવ્યા વગર રહે તેમજ નહોતી; પરંતુ સૂર્યનારાયણ અસ્ત થવાથી વૈષ્ણવો ઘેરજ્યહ પ્રસાદ લેવા આવવાની તૈયારી કરવા લાગ્યા. મંદિરમાં ઉત્સાહી વૈષ્ણવોએ પદરના પૈસા ખરચ કરી ખાંડના લાડુનો મનોરથ કરાવ્યો હતો; તેમાં બે આના, ચાર આના, છ આના એ રીત દર રાખવામાં આવ્યો હતો. સુજ્ઞ વૈષ્ણવો, સન્નારિયો, સરસ્વતી રૂપ કન્યાઓ, શિશુઓ મોટા હર્ષભેર પ્રસાદ લેવા સારૂ પોતાના આસનપર આવી બીરાજેલા હતા; પ્રસાદ દરેક આસને મુકયા પછી શ્રી મહા પ્રભુજીની જય બોલાવી જમવાની પરવાનગી આપવામાં આવી. લાડુ જમવાના ઝપાટાની સાથે ધોળ, પદ વિગેરે કીરતન ગાવામાં દરેક જણ એવાતો લીન થઇ ગયા હતા કે જમનારે કેટલા લાડુ ખાધા તેની ખબર પોતાનેજ પડતી નહિ. વાહ! ઠાકોરજીની કૃપાથી પ્રસાદ એવો રસમય બન્યો હતો કે તેની આગળ બીજું કોઇપણ જમણ આ વખતે કંઇજ હિસાબમાં નહોતું. આ મનોરથની યોગ્ય સગવડતા કરવમાં બીજા વૈષ્ણવો સાથે વિશેષ તસ્દી શા. જયચંદભાઇ લાલચંદે લીધેલી હતી; ઉપર પ્રમાણે સઘળી મંડળી હર્ષભેર જમી વલ્લભ ધણીનું સ્મરણ કરતાં વિસરજન થઇ. આ સબંધમાં મારે એટલી આજીજી કરવાની છે કે—આવીજ તરેહનો પ્રસંગ આ ગામની અંદર પ્રથમનોજ હતો. શ્રી મહા પ્રભુજી દિન પ્રતિ દિન ઉત્સાહી વૈષ્ણવોને તથા આ મંડળીને સહાય કરો એમ મારી યાચના છે.

૫૬.

અંતે સાંભળ મુરખા તું વાતરે, જંજાળી જીવડા;
આપ જ્ઞાનોને કોની માતરે, જંજાળી જીવડા.
લાખ ઓધને રાખીએ સાખરે, જંજાળી જીવડા
લખ્યા લેખ તે મિથ્યા ન ભાખરે. જંજાળી જીવડા
બહુ રળી રળી તું કમાણો, જંજાળી જીવડા
હે વાતન મુકશે પાણોરે જંજાળી જીવડા
ચતુર ચેતી લેને તું પ્રાણીરે જંજાળી જીવડા
રખે કાળ ન લે તને તાણીરે જંજાળી જીવડા
દાસ થઇને લાગો તમ પાયરે જંજાળી જીવડા
સહાય કરશે શ્રી વલ્લભરાયરે જંજાળી જીવડા
મોતી કહે તને કર જોડી રે, જંજાળી જીવડા
દીવસ વિત્યા પછી ખા રાઓડીરે જંજાળી જીવડા

૫૭.

(વીરા વેશ્યાની યારી, ઉભા અટારી, પેલા તમારા પ્રાણ. એ રાહ)
ભજો વલ્લભ યારો, પંથ છે ન્યારો, અંતે કરશે સહાય.
જેથી પાપ નિવારો, રે મુજ યારો પંથ છે ન્યારો, અંતે૦
આદિતવારે આનંદ પામી, લાગો પ્રભુને પાય,
ધારેલી આશા પૂર્ણ કરશે, એવા શ્રી વલ્લભરાય;
આટે હિંમ્મત ધારો, જાય છે વારો, પંથ છે ન્યારો, અંતે૦
સોમ સુખ સજ્યાથી ઉઠી, ધ્યાન ધરો જુગદીશ,

કર્યા કર્મની માફી માગો, વળી વળી નામી શીશ;
ઝટ તાપ નિવારો, સુખકારો, પંથ છે ન્યારો, અંત૦
મંગળવારે મહાસુખ માણો, પુરણ રાખી પ્રીત,
પ્રભુ કૃપાથી પાપ સઘળાં, પામે નાશ અચીત;
ઝટ ઉઠો યારો, મન વિચારો, પંથ છે ન્યારો, અંત૦
બુધે શુધને સાનજ રાખી, સેવા કરો શુભરીત,
પંચેન્દ્રિયો વશજ રાખી, સેવામાં રાખો ચિત્ત;
મન ધ્યાનમાં ધારો, કાળને મારો, પંથ છે ન્યારો, અંત૦
ગુરૂવારે ગુરૂ ગોસ્વામીનું, ધ્યાન ધરો મનમાંહ્ય,
કુમતિ કાપી સુમતિ આપી, પકડી લેશે બાંહ્ય,
પાયે લાગો યારો, મન વિચારો, પંથ છે ન્યારો, અંત૦
શુકરવારે સુકૃત કરશે, પ્યારા શ્રી વલ્લભ નાથ,
સેવક જાણી ક્ષમા કરશે, પકડી પોતાને હાથ;
દ્રઢ આશરો ધારો, જાય છે વારો, પંથ છે ન્યારો, અંત૦
શનીવારે દરશન કાજે, તલપે છે મારૂં તન,
ભોગીલાલની વિનંતી શુણી, નાથ શું રાખો મન;
જેથી દુઃખ નિવારો, વાત વિચારો, પંથ છે ન્યારો, અંત૦
સાતે વાર પુરા ભાવથી, જે કોઇ વૈષ્ણવ ગાય,
શુભમતિથી સાર લહે તો, મન વાંછીત ફળ થાય;
ઝટ ઉઠો યારો, કાળ વિચારો, પંથ છે ન્યારો, અંત૦

ધોળ.

(આજ મારે આનંદ ઉર ન સમાયજી. એ રાહ.)

મિત્રો મારા ચાલોને ઉત્સવ કરીએરે,
ઉત્સવ કરી ભવનાં દુઃખ તો હરીએરે.
વલ્લભ વરને લાગો કરજોડી પાયરે,
અંતે આવી કરશે તમારી સહાયરે.
પ્રભુ તારી શોભાનો નહીં પારરે,
જોવા ચાલી ગામની સઘળી નારરે.
પહેર્યા નાથે વિધ વિધના શણગારરે,
કંઠે છે હીરા મોતીના હારરે.
વહાલે મારે કેશરી તીલક કીધુંરે,
ભકતજનનું મન હરીને લીધુંરે.
સેવક અંબાલાલ કહે કર જોડીરે,
તન મારૂં સમરપુ હું દોડીરે.

ગરબી.

(જુગદેવીરે જશ ગાઉં છું મહાકાળીરે. એ રાહ.)

વલ્લભ વલ્લભ ઉચરો, મોહ પામીરે
છે દીનાનાથ દયાળ. અંતર જામીરે
ભાવે ભજો તમે હેતથી, મોહ પામીરે
ભવની ભાગે જંજાળ. અંતર જામીરે
ભકત જનને કારણે, મોહ પામીરે

પધાર્યા ગોકુળ ગામ. અંતર જામીરે
પરમાનંદને થાપીઆ, શાહ પામીરે
કીધું અવીચળ નામ. અંતર જામીરે
દાસ સુરને આપીયું, શાહ પામીરે
સઘળી વાતાનું સુખ. અંતર જામીરે
ભેયા કેરૂં કાપીયું, શાહ પામીરે
આખા જનમનું દુઃખ. અંતર જાગીરે
ગોરસ કેરે કારણે, શાહ પામીરે
મુક્તિ આપી છે નાથ. અંતર જામીરે
આહીરીને પાવન કરી, શાહ પામીરે
પકડી પોતાને હાથ. અંતર જામીરે
વહેલા ઉઠો વેગથી, શાહ પામીરે
ભજો વલ્લભ કુળ લાલ. અંતર જામીરે
એમ વિનતી ઓચરે, શાહ પામીરે
બીજામાં નથી માલ. અંતર જામીરે

કાફી.

(ગર્ભવાસ રાખ્યોરે કૃપા તને બહુકરી. એ રાહ).
ભોગ શાને માણોરે સરવે છે એ રોગના ભર્યા,
ગીરધરને જાપોરે જેથી ઘણા મુક્ત થયા.
લાખો જીવ તેમાં આહી પડીને કરે અઘટિત કામ,
ખબાડી, લુચ્ચા, લંપટ હરામી ખરચે છે ઘણા દામ.

જેમાં નર મોટારે દુઃખ પામીને મરીયા, ભાગ શાને.
ચંદન કેરૂં કાષ્ટ હોયતો બાળેરે આપે સુગંધ,
દયા કરીને દગો દેશે સમજ મુરખ અંધ.
શાખ રાજો સારીરે ઘણા જનો ઓચરિયા, ભાગ શાને.

આઠ.

(હીરા વેશ્યાના યારી, ઉભા અટારી, પેલા તમારા પ્રાણ. એ રાહ.)
જય વલ્લભ સ્વામી, અંતરજામી, વિનતી કરૂં મહારાજ;
એવા ગૌલોક ધામી, ગોકુલનામી, અંતરજામી, વિનતી.
ભકતો ઉપર ભાવ કરીને, બીરાજ્યા ગોકુલ ગામ,
હેત હૈયે રાખી કરી, વૈષ્ણવને દીધી હામ.
જય વિઠ્ઠલ સ્વામી, મોહ પામી, અંતર જામી, વિનતી.
સુરદાસજીને આપીયું રાયે, સઘળી વાતે સુખ,
રૂપ મારાગી ભૈયા કેરૂં, નાથે કાપ્યું દુઃખ,
એવા ગરૂડગામી, જદુપતી સ્વામી, અંતરજામી, વિનતી.
પ્રભુદાસનું કામજ કરીયું, એવા શ્રી વલ્લભનાથ,
વચન રાખી સત્યજ કીધું, નાથે પોતાને હાથ,
એવા જય ગોવિંદનામી, ગરૂડગામી, અંતરજામી, વિનતી.
ગોરસ કાજે મુકિત દીધી, એવા શ્રી પ્રભુદાસ,
આહીરીનું કામજ કીધું, રાખી દ્રઢ વિશ્વાસ,
જય જદુપતિ સ્વામી, વલ્લભ નામી, અંતર જામી, વિનતી.
કરજોડી હું પાયે લાગુ, બુદ્ધિ રાખી સારૂ,

અંબાલાલની વિનતી શુણી, ભુલ ચુક કરજો માફ,
જય વિઠ્ઠલ સ્વામી, ગિરધર નામી, અંતર જામી, વિનતી.

ધોળ.

(વિનંતી કરૂં શ્રીવલ્લભ પ્રભુજી અંતરગત જાણો. એ રાગ.)

મુરખ શાને સુઈ રહ્યો છે ઝબકીને જાગી,
કાળ ફરે તારા શીર પરે જાગી જોને અભાગી.
બાળપણે તું ગાળિયો કરી ખેલ જ ખોટા,
યુવાવયે તું છકિયો વાળી ગરબડ ગોટા.
માત તાતને મેલી કરી ઘર જુજવાં માંડ્યાં,
સસુર પક્ષ વહાલો કરી તુજ ઘર તરછોડ્યાં.
ભાઇને વેરી જાણિયો સાળો ભાઇ સમ કહાવે,
સાળી બોલાવે હેતથી બેની આંસુ પડાવે.
ધન કાજે ઘેલો થઇ ચોરી ચુગલી કીધી,
વૃદ્ધપણું જ્યારે આવિયું ત્યારે માળા લીધી.
જેમ તેમ માળા ફેરવી, ઘેર નાશી જાતો,
નાત જાતના લોકની કરી ખોટી વાતો.
વલ્લભ કેમ ક્ષમા કરે તારા અવગુણ મોટા,
અંતકાળે જમ બાંધિયો મારી સોટમસોટા.
કુંબી પાકે જ્યારે નાંખિયો ત્યારે માણી માગી.
દુઃખ દાવાનળ દેખીને ખરી ચાબુક લાગી.
જે જન તો હેતે કરી વલ્લભવર સ્નેહે જાપે,

માતપિતાની આશિશથી તેનાં કષ્ટજ કાપે.
અંબાલાલની વિનતી તમ ઉરમાં ધરજો.
વલ્લભ, વલ્લભ ઉચરી કાયા કલ્યાણ કરજો.

રાગ સાખી.

(ગાડી આવી ગુજરાત આગનકેરી ગાડી આવી—એ રાહ.)

પ્યારા લાગે શ્રી વલ્લભરાય, જપુ જપ તેના હું ભાઇ—
મારે હૈડે હરખ ન માય, જપુ જપ તેના હું ભાઇ—
જેથી જન્મ સફળ મારો થાય. જપુ જપ તેના હું ભાઇ—
મધ્યરાત્રે હું જાગિયો આવ્યું સ્વપ્નું જયાંહ,
જાગી જોવા ચાલિયો તો દીઠા મુસાફરો ત્યાંહ. જપુ જપ૦
મુસાફરને લાગિયો એક કરજોડી પાય,
જેમજેમ હું વિનતી કરૂં તેમ તેતો મન હરખાય. જપુજપ૦
હાવભાવ હેતે કરી મુસ્તક મુકયો હાથ,
મુસાફર તો મટી જઇ બની ગયા તે દિનાનાથ. જપુજપ૦
એવા વલ્લભરાયને લાગો તમ સૌ પાય,
વલ્લભ વલ્લભ ઉચરો જેથી જન્મ સફળ તો થાય. જપુજપ૦
બેન બનેવી બાળકાં માતાપિતા જેહ,
પૂર્વ સંચે આવી મળ્યું રાખો વલ્લભવરથી સ્નેહ. જપુજપ૦
ધાયા તે ખુશી થયા રહ્યા તે પસ્તાય,
અંબાલાલ શું ઓચરે મારી મુકત કરોને કાય. જપુજપ૦

કાફી.

(ગર્ભવાસ રાખ્યોરે કૃપાતને બહુ કરી, એ રાહ).

અંગારા જેવી માયારે ફસાઈ પડે નરનારી,
બાળક તમે જાણોરે અંત છે એ દુઃખકારી.
લાખો ઐરથે નહિ મળે તુજને શ્રી વલ્લભ વરનું નામ,
લખાવીને જમશે નરીએ કર્યાં હશે જે કામ,
બળવંત એવોરે લે પાં લેશે મારી મારી, અંગારા.
હેત હૈયે રાખી કરીને ભજ શ્રી વલ્લભરાય,
ચતુર હશે તે ચેતી લેશે મુરખ ખત્તા ખાય,
રડવડતો મરશેરે ઉગરવાની નથી બારી, અંગારા.

બનજારા.

(પ્રિય મિત્રવિના હો ભાઇ, કોણ મહોબત સાચવે આંડી. એ રાહ.)

કરો વલ્લભવરથી સગાઇ, નહિતો પસ્તાશો મુજ ભાઇ.
જે વલ્લભવરને ભજશે, તેનાં કારજ સરવે સરશે,
માટે ગુણ લ્યો તેના ગાઇ; નહિતો—
પ્રિય આશરો દૃઢ તેનો રાખો, બીજાં અવર ફળ નહિ ચાખો
જેથી કામ થશે સુખદાઇ; નહિતો—
નારિ પતિવ્રતા જે કહાવે, અન્ય પુરૂષ નવ બોલાવે,
જેથી સુખ પામે તે બાઇ; નહિતો—
પ્રિય પિતા રાખો તમે એક, જેથી રહેશે તમારો ટેક,

અંતે તરશો સંસાર ખાઇ; નહિતો—
મારૂં આતરસુંબા છે ગામ, અંબાલાલ છે મારૂં નામ,
હાથ ઝાલીને લ્યો ઉગારી; નહિતો—
મેં પકડી છે આપની બાંહ્ય, હવે મુકીજાશો કયાંહ;
નહિ રાખો મારાથી જુદાઇ; નહિતો—

લાવણી.

(બંધારે નથી કાંઇ આજ, ઘેરઘેર કાજ, વખત ગયા સારા—એરાહ.)

ઓ વલ્લભ મારા નાથ, ગ્રહીને હાથ, બુડતો તારો;
મુજ રંક બાળની વિનતી ઉરમાં ધારો.
જેણે લીધું તારૂં નામ, થયુંછે કામ, આશરો રાખી;
તેને અમૃતરૂપી ફળ લીધું છે ચાખી;
એવા વલ્લભ વરને પાય લાગો હો યારો. મુજ.
હું આવ્યો તારે શર્ણ, નમુંછું ચર્ણ, પાયેતો લાગી;
મુજ કર્યા કર્મની માફી લઉછું માગી;
માફી આપીને ભવસાગર તો તારો. મુજ.
વલ્લભશું રાખો પ્રીત, પરોવી ચિત્ત, કામ સૌ થાશે;
અંતે આવીને હાથ તમારો સહાશે;
માટે વલ્લભ વરથી સ્નેહ રાખોરે સારો. મુજ.
હું સૌ વૈષ્ણનો દાસ, આવીને પાસ; પાયેતો લાગુ,
અંબાલાલ મારૂં નામ માફી તો માગુ
ભુલ ચુક હોય તો માફ કરો હો યારો. મુજ.

(જનુની જીવોરે ગોપીચંદની—એ રાહ.)

જાગ્ય જાગ્ય ભાઇ મ્હારા, જાગી જોને આ વારજી;
જુમનાંની તીરમાં ઝીલતાં, સફળ થાશે અવતારજી;
જાગ્ય જાગ્ય ભાઇ મ્હારા.
મુરખ શાને તું સુઇરહ્યો, કર કાયા કલ્યાણજી;
એંકવાર મૈયા મળવી, લેઇજાને એંધાણજી;
જાગ્ય જાગ્ય ભાઇ મ્હારા.
ધન કાજે તું ધુતો ફર્યો, જેમ હરાયું ઢોરજી;
અધર્મ કર્મ ઘણાં કરી, બન્યો વલ્લભનો ચોરજી;
જાગ્ય જાગ્ય ભાઇ મ્હારા.
મગરૂરીમાં તું મા'લ્યો, ભોગો રાખીને ભેલજી;
ફક્કડ થઇને અકકડ ફરી, ખોટા કીધા તે ખેલજી;
જાગ્ય જાગ્ય ભાઇ મ્હારા.
બુટ, સ્ટોકીન તું પહેરીને, અદ્ધર મુકતો પાયજી;
ચમચમ કરતો ચાલીને, કરતો ઘણો અન્યાયજી;
જાગ્ય જાગ્ય ભાઇ મ્હારા.
આવીને સરવે ભુલિયો, કરવાનું જે કામજી;
લાખો ખરચે તે નહિ મળે, કોડી રંડને જામજી-
જાગ્ય જાગ્ય ભાઇ મ્હારા.
થારૂં હજુ તે થશે કે, જેથી કલ્યાણ થાયજી;
હાવ ભાવ હેત કરી, ભજ વલ્લભરાયજી;
જાગ્ય જાગ્ય ભાઇ મ્હારા.

અલ્પ બુદ્ધિ શું ઓચરે, હાર્યો અંબેરે હામજી;
વલ્લભ વરને પાયે નમી, માગું વૈકુંઠ ધામજી;
જાગ્ય જાગ્ય ભાઇ મહારા.

વૈષ્ણવના નિત્ય નિયમ.

૧ સવારમાં વહેલા ઉઠવું.

૨ ઉઠીને ગળાની બે માળાનાં દરશન કરવાં, ત્યાર પછી હાથ ધોવા, ત્યાર પછી ત્રણ કોગળા કરી ચરણામ્રત લેવું. પછીથી ધોળ પદ વિગેરે જે આવડતાં હોય તે કહેવાં, ત્યાર પછીથી જંગલે જવું.

૩ જંગલ જતી વખતે કંઠની બે માળાઓ અગર જનોઇ હોય તેને કાને લગાવવી.

૪ ત્રણ વાર માટી લઇને ડાબા હાથે ગુદા ધોવી.

૫ જંગલ જઇ આવ્યા પછી ડાબો હાથ લોટાને તથા બીજા કોઇ પણ ઠેકાણે અડકાડવો નહિં.

૬ દશ વાર માટી લઇને હાથ ધોવા પછીથી પગ ધોવા.

૭ પગ ધોવા પછી બે વાર ફરીથી માટી લઇને હાથ ધોવા.

૮ હાથ પગ ધોવા પછી બાર કોગળા કરવા.

૯ કોગળા કર્યા પછી શુદ્ધ જગો ઉપર લોટો મુકી દાતણ કરવું.

૧૦ દાતણ કરતાં એઠો હાથ લોટાને લગાવવો નહિં પણ કુણી વતી હાથ ધોવા.

૧૧ દાતણ કરી રહ્યા પછી પહેલાં કોગળા કરી મ્હો શુદ્ધ કરવું ત્યાર પછીથી કપાળ ધોવું.

૧૨ સ્નાન કરીને વાળી કપડું અડકવું નહિં.
૧૩ સ્નાન કરી રહ્યા પછી એકાંત જગાએ સુકવેલું ધોતીઉં પહેરવું (કોઇ અડકયું ન હોય એવું) અથવા મુગટા પહેરવા.
૧૪ સેવા કરતી વખતે આસનપર બેસવું.
૧૫ આસન ઉપર બેઠા પછી બાર તીલક કરવાં.
૧૬ લલાટને વિષે ભગવાનના ચરણાકૃતિ પ્રમાણે તીલક કરવું.
૧૭ હૃદયના વિષે કમળ ફૂલના જેવું તીલક કરવું.
૧૮ હસ્તને વિષે વાંસના પતા સરખું તીલક કરવું.
૧૯ બાકીની જગોએ દીવાની જ્યોત સરખાં તીલક કરવાં.
૨૦ લલાટના તીલકની વચ્ચે ગદા ધારણ કરવી પણ સુન્ય રાખવો નહિં.
૨૧ તીલક વચ્ચે ચાંલ્લો કરવો નહિ.
૨૨ તીલકની અંદર ગોપીચંદન, બ્રહ્માંડઘાટની રજ, તુલશીના થડ આગળની માટી એ ત્રણમાંથી ગમે તેની છાપો મારવી.
૨૩ વૈષ્ણવે દરરોજ સેવા કરવાનો નિયમ રાખવો જોઇએ.
૨૪ સેવા કર્યા વિના ખાવું નહિ.
૨૫ સર્વોતમજીનો પાઠ એ વૈષ્ણવની ગાયત્રી છે માટે દરેક વૈષ્ણવે તે પાઠ હમેશાં કરવો.
૨૬ રાત્રે વૈષ્ણવ મંડળીમાં જવાનો રિવાજ રાખવો.
૨૭ મંડળીમાં જે કંઇ કથા વારતા થાય તે ઉપર ધ્યાન રાખવું.
૨૮ દરેક જીવના ઉપર દયા રાખવી.
૨૯ સંસારના વિષે મોહિત થવું નહિ.
૩૦ કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, માયા એનાથી વેગળા રહેવું.
૩૧ કોઇની હિંસા કરવી નહિ.
૩૨ કોઇની નિન્દા કરવી નહિ.

૩૩ કોઇ ઉપર વૈર રાખવું નહિ.
૩૪ કોઇની સાથે ખોટું ભાષણ કરવું નહિ.
૩૫ અનાશ્રય કરવો નહિ.
૩૬ નઠારાની સોબત કરવી નહિ.
૩૭ ખોટું કામ કરવું નહિ.
૩૮ પરસ્ત્રી સાથે ગમન કરવું નહિ.
૩૯ પેશાબ કર્યા પછી ત્રણ વાર કોગળા કરવા.
૪૦ જમી રહ્યા પછી બાર કોગળા કરવા.
૪૧ વિજય કરીને પણ કોગળા કરવા.
૪૨ અસમરપીત જણસ ખાવી નહિ.
૪૩ મા બાપની સેવા કરવી.

કાફી.

(ગર્ભવાસ રાખ્યોરે કૃપા તને બહુ કરી—એ રાહ.)

નમેરા શું થાઓરે ભાવે ભજો સુમનાં દેવી
ધુળ જાયે ઉડીરે જાણો દુનિયા એવી એવી
ભાઇ બેનને માત સરવે એ પુર્વનો છે સંસ્કાર
ઇતર બન્ધુ સરવે મળ્યાં પણ સ્વારથીયો સંસાર
નાચે તે ચેતાવુંરે માટીના ઢીંપણ જેવી, નમેરા.
રહેશે સરવે પડ્યુંરે આંહી ભજીલે વલ્લભરાય
નફટ લુચ્ચા લોક હરામી અંતે ખત્તા ખાય
દાસ તારો કહે છેરે અંબે મુખ વાણી એવી, નમેરા.

રાગ કલ્યાણ છત્રીસ વાજાંનો.

(પ્રેમ સભાજનો, હવે રાખજો તમો,
સદા પ્રસન્ન મનથી રજા લઇએ અમો, એ રાહ.)
ઓ જદુપતિ, આપ સુમતિ,
ગરીબ મુજ બાળકની કાપ કુમતિ,

પુરા ભાવથી પુર્ણ કરૂં છું, પુસ્તક હું તો આજ,
ભુલચુકતો માફ કરીને, રાખી લે તું લાજ; ઓ જદુપતિ.
આતરસુંબાનો નીવાસી, કુપ ફળીમાં ઠામ,
રસમી ગાદીનો સેવક, અંબે મારૂં નામ; ઓ જદુપતિ.
વલ્લભ વિઠ્ઠલ મુખથી બોલી, લાગુ તારે પાયરે,
કરજોડીને સેવક કહે છે, સાંભળ વલ્લભરાય; ઓ જદુપતિ.

સમાપ્ત.

અગાઊથી આશ્રય આપનારનાં નામ.

આતરસુંબા.

૧ રા. રા. જેચંદ લાલચંદ શાહ
૧ ,, માણેકલાલ બિહારીદાસ દાણી.
૧ ,, નાગરદાસ જમનાદાસ પરિખ.
૧ ,, દામોદરદાસ નરસીદાસ પરિખ.
૧ ,, હલસુખ બાપુજી શાહ
૧ ,, મનસુખ લાલચંદ શાહ
૧ ,, કેશવલાલ રૂપચંદ પરિખ
૧ ,, રણછોડદાસ લાલચંદ શાહ
૧ ,, સોમાભાઈ જમનાદાસ ગાંધી.
૧ ,, મનસુખ પરભુદાસ શાહ.
૧ ,, ગોરધનદાસ હરીવલ્લભ શાહ.
૧ ,, ભીખાભાઈ મગનલાલ દાણી

આ૦ મા૦ વ. સ્કુલ. આતરસુંબા

૧ રા. રા. ભીખાભાઈ દામોદરદાસ શાહ.
૧ ,, કેશવલાલ બહેચરદાસ શાહ.
ગ્રામ્યશાળાના મહેતાજી કરકડીયા
૧ ,, કેશવલાલ છગનલાલ શાહ.
આ૦ મા૦ વ સ્કુલ આતરસુંબા.
૧ ,, લલ્લુભાઈ સાંકળચંદ શાહ.
આ૦ મા૦ વ. સ્કુલ આતરસુંબા.
૧ ,, ભીખાભાઈ છગનલાલ શાહ.
આ૦ મા૦ વ. સ્કુલ આતરસુંબા.
૧ ,, મોહનલાલ મહાસુખ શાહ.
આ૦ મા૦ વ૦ સ્કુલ આતરસુંબા.
૧ ,, જેચંદભાઈ સાંકળચંદ શાહ.
આ૦ મા૦ ગર્લસ્કુલ આતરસુંબા.
૧ ,, મગનલાલ બહેચરદાસ શાહ.
૧ ,, સામળદાસ મંછારામ પરિખ.
૧ ,, મગનલાલ બાલાચંદ પરિખ.
૧ ,, અમીચંદ ધરમચંદ દાણી.
૧ ,, શીવલાલ પરસોતમ પરીખ.
૧ ,, શંકરલાલ જેચંદ પરીખ.
૧ ,, મથુરદાસ મુળજી પરીખ.
૧ ,, સામળદાસ મુળજી પરીખ.
૧ ,, અંબાલાલ રણછોડ શાહ.
તલાટી વાઘજીપુર તા૦ આતરસુંબા.
૧ ,, ચુનીલાલ રણછોડ પરીખ.
૧ ,, શંકરલાલ સાંમળદાસ શાહ.
૧ ,, મોતીલાલ ગીરધર શાહ.
૧ ,, મણીલાલ ચુનીલાલ ભટ્ટ.

૧ રૂ. રા. મણીલાલ સાંકળચંદ પરીખ.
૧ ,, વલ્લભદાસ ત્રીભોવનદાસ પરીખ.
૧ ,, અંબાલાલ મથુરદાસ ગાંધી.
૧ ,, ચુનીલાલ મુળજીભાઇ પરીખ.
૧ ,, રણછોડ દામોદરદાસ ભાવસાર.
૧ ,, બળદેવ મુળજીભાઇ પરીખ.
૧ ,, વિશ્વનાથ ભગવાન વ્યાસ.
૧ ,, ચુનીલાલ સાંકલચંદ પરીખ વત્રડીઆ તાલુકે આ-
તરસુંબાના તલાટી.
૧ ,, છોટાલાલ પ્રેમચંદ ગાંધી.
મુખત્યાર વકીલ તા૦ આતરંસુબા.
૧ ,, જેચંદદાસ ગોવીંદ ગાંધી.
૧ ,, છોટાલાલ બેહેચરદાસ શાહ.
૧ ,, કાળીદાસ ગોપાલદાસ શાહ.
૧ ,, શંકરલાલ દલસુખ ગાંધી.
૧ ,, ભીખાભાઇ શીવલાલ શાહ.
૧ ,, સોમાભાઇ છગનલાલ શાહ.
૧ ,, નાથજી બલદેવદાસ ગાંધી જકાત કારકુન મહાલ
સિદ્ધપુર.
૧ ,, છોટાલાલ અમુલખ ગાંધી.
૧ ,, ચુનીલાલ નથુરામ મહેતા ગર્લ સ્કુલ હેડ માસ્તર
આતરસુંબા.

સંદેશર.

૧ ,, મગનલાલ મનસુખ. ગ્રામ્યશાળાના મે. સંદેસર.

દહેગામ.

૬ ૦ ભોળાનાથ છગનલાલ ઠાકર.
ફર્સ્ટ આ. મા. ઉરદુસ્કુલ દહેગામ.

બહીયલ.
૧ રા. રા. જમનાદાસ સાંકલચંદ શાહ ફર્ઈ આ. મા. બહીયલ
વીસનગર
૧ ,, ચુનીલાલ રૂપચંદ શાહ આ. મા. વ. સ્કુલ વીશનગર
મહેસાણા
૧ ,, કેશવલાલ અમીચંદ મોદી
ફર્ઈ કારકુન ડે. એ. ઇ. મહેસાણા.
આજોલ
૧ ,, મથુરભાઈ બહેચરદાસ શાહ
આ. શાળાના માસ્તર આજોલ.
મલાતજ
૧ ,, મોતીલાલ ગીરધરલાલ શાહ.
હેડ માસ્તર વ. સ્કુલ. મલાતજ
૧ ,, દેશાઇભાઇ બાજીભાઇ
ફર્ઈ. આ૦ મા૦ વ. સ્કુલ મલાતજ.
૧ ,, બાવાજી મોતીભાઈ પટેલ
આ૦ મા૦ વ સ્કુલ. મલાતજ
૧ ,, ભાઇલાલ નાથાભાઇ પટેલ
આ૦ મા૦ વ. સ્કુલ મલાતજ
૧ ,, નથુભાઇ નારણદાસ પટેલ
૧ ,, ગોકલભાઇ શંકરભાઇ પટેલ
આ૦ મા૦ વ. સ્કુલ તરમાવાડ
સોજીત્રા
૧ રા. રા. મોતીભાઇ બાપુજી પટેલ
બામણગામ.
૧ ,, ભાઇલાલ મોતીભાઇ પટેલ.

આ૦ મા૦ વ૦ સ્કુલ બામણગામ.

અમરાભાઈના મુવાડા.

૧ ,, પોચાલાલ સાંકળચંદ શાહ.

કાણુંયલ.

૧ ,, રણછોડલાલ વરજલાલ શાહ.
૧ ,, આ૦ મા૦ વ૦ સ્કુલ કાણીયલ.
૧ ,, મગનલાલ ભાઇચંદ શાહ.

વડોદરા.

૧ ,, અગરતલાલ ભોગીલાલ ગાંધી.
હેડ માસ્તર શેહેર વડોદરા સ્કુલ નંબર ૪.
૧ ,, ભોગીલાલ મથુરદાસ ગાંધી.
આ૦ માસ્તર કલાભવન સાધક વર્ગ.

માંતાજ.

૧ ,, મોહનલાલ જગજીવન દેશાઇ.
૧ ,, શીવલાલ પરભુદાસ દેશાઇ.

પેટલાદ.

૧ ,, અંબાલાલ દવારકાંદાસ દોશી.

નડીયાદ.

૧ ,, ચુનીલાલ જેચંદદાસ દોશી.

અમદાવાદ.

૧ રા. રા. મોહનલાલ છોટાલાલ મહેતા.
૧ ,, ચીમનલાલ અંબાલાલ મહેતા.
૧ ,, હીરાલાલ હરીલાલ શેઠ.
૧ ,, સાકરલાલ દલપતરામ મહેતા. તલાટી, ગોધાવી
તા. સાણંદ.

જાહેર ખબર.

અમારા તરફથી નીચેની ચોપડીઓ થોડા દીવસમાં છપાઈ બહાર પડવાની છે. માટે જેવણ સાહેબોને તે રાખવાની મરજી હોય તે પોતાનું નામ નોંધાવી આભારી કરશો. સદરહુ પુસ્તકો ઘણાજ રસાલંકારથી ભરપુર કરેલાં છે. પરંતુ તેની પ્રશંસા અમારા હાથે નહિ કરાવતાં વાંચક સાહેબો કરી લેશે.

પુસ્તકનું નામ	કિંમત કલદાર
સુમિત્ર દર્પણ.	૦-૫-૦
હરિરાયજી કૃત છાસઠ દોષનું સંક્ષિપ્ત વર્ણન.	૦-૦-૯

સદરહુ પુસ્તકોમાં આશ્રય આપનાર સદ્ગૃહસ્થોએ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો. નાટપેડ પત્ર લેવામાં આવશે નહિ. જવાબ મંગાવવા સારૂ ટિકિટ સામીલ રાખવી

પુસ્તક મળવાનાં ઠેકાણાં.

અમદાવાદ—રા. રા. મણીલાલ ચુનીલાલ ભટ્ટ.
અમદાવાદ ખાડીયામાં ગોટીની શેરી.
વીસનગર—રા. રા. ચુનીલાલ રૂપચંદ શાહ
મલાતજ—રા. રા. બાપુલાલ નાથાભાઈ પટેલ
નડીયાદ—રા. રા. ચુનીલાલ જેચંદદાસ દોશી
સોજીત્રા—રા. રા. મોતીભાઈ બાપુજી પટેલ
આંતરસુંબામાંથી ગ્રંથકર્તા પાસેથી મળશે.

પાંચ પ્રત એક નકલ બક્ષીસ તથા ખાસ સ્કોલર વગેરેને અડધી કીમતે આપવામાં આવશે.

કર્તા

ભોગીલાલ જયચંદદાસ શાહ.

સ્ટાંપ વેન્ડર પેટામહાલ આંતરસુંબા